### જાના થા જાપાન પહોંચ ગયે ચીન.. સમજ ગયેનાં!

# ફ્લોપ ફિલ્મ બનાવવા માંગતાં કિશોર કુમાર સુપરહિટ ફિલ્મ બનાવી બેઠા..



ટેક્સ ચોરી તે ઈલીગલ છે, ગેરકાનૂની છે અને ગલત છે પણ ટેક્સ બચાવવો તે લીગલ એક્ટિવિટી છે. તેના માટે લોકો CA પાસે સલાહ લે. પણ કિશોર કુમાર એવા ન હતા. તેમણે ટેક્સ બચાવવા પોતાનો જ એક અલગ રસ્તો શોધી કાઢ્યો. 1950માં કિશોર કુમાર સકસેસફુલ મોટા સ્ટાર બની ગયા હતા. ‘ભાઈ-ભાઈ’, ‘દિલ્હી કા ઠગ’, ‘ન્યૂ ડેલ્હી’ આ બધી એવી ફિલ્મો હતી જેમાં થોડું એક્શન હતું, કોમેડીની ભરમાર હતી, રોમાંસ પણ હતો અને ખૂબ જ સારા ગીતો હતા. કિશોર કુમાર ખૂબ જ પોપ્યુલર અને એસ્ટાબ્લીશ એક્ટર બની ગયા હતા.

ફિલ્મ કઇ રીતે સફળ બનાવવી તે સારી રીતે શીખી લીધું પણ તે ફિલ્મોની અધધધ આવકથી જે ખૂબ બધો ટેક્સ ભરવો પડે તે વાત કિશોર કુમાર ક્યારેય ન સમજી શક્યા! આ ટેક્સથી તે હંમેશા પરેશાન રહેતા હતા. IT ડિપાર્ટમેન્ટમાંથી વારંવાર નોટિસો આવતી રહી. તેનાથી ગુસ્સે થઇ વિચાર્યું કે બધુ મૂકીને ખંડવા ચાલ્યો જાવ. (ખંડવા તે કિશોર કુમારનું વતન)

સેકેટ્રીએ સલાહ આપી કે ખંડવા શા માટે જવું જોઈએ હું તમને આસાન રસ્તો બતાવું. તમે એક ફ્લોપ ફિલ્મ બનાવો. જે પૈસા રિકવર ન કરી શકે, ફિલ્મ ડૂબી જાય, એવી ફિલ્મ જેનો લોસ આપણે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટમાં રિપોર્ટ કરી દઈએ. કિશોર કુમારને આ આઈડિયા ખૂબ પસંદ આવ્યો. કિશોર કુમારે કહ્યું કે એક એવી બિગ બજેટની બોલિવૂડ ફિલ્મ બનાવીશ જેના પૈસા રિકવર ન કરી શકું અને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને તે લોસ ગણાવી શકું. પરંતું તેમના કરીબી સાથીઓએ એવી સલાહ આપી કે બોલિવૂડમાં તમારું નામ સફળ થઇ ગયું છે તો તમે નામ ખરાબ ન કરો! એક બંગાળી ફિલ્મ બનાવો. ત્યાં કિશોર કુમારને વધુ લોકો ઓળખતા નથી. જ્યાં કામ પણ નથી કર્યુ તેથી બંગાળી ફિલ્મ બનાવો જેમાં પૈસા રિકવર ન થઈ શકે. કિશોર કુમારને આ આઈડિયા વધુ પસંદ આવ્યો. નક્કી થયું કે એક અધૂરા મનથી અને પૂરી કોશિશ કરવી કે ફિલ્મ ફ્લોપ થઇ જાય.

એક કંપની શરૂ કરી જેનું નામ રાખવામાં આવ્યું KS films. (કિશોર-શર્મા ફિલ્મ્સ) KS filmsના બેનરમાં પહેલી ફિલ્મ જેમાં કિશોર કુમાર ડબલ રોલમાં જોવા મળ્યા. માલા સિંહા, કેસ્ટો મુખરજી, અનૂપ કુમાર, ફિલ્મનું મ્યૂઝિક આપ્યું હેમંત કુમારે, બંગાળી ફિલ્મનું નામ હતું ‘લૂપો ચૂરી’ 1958 માં રિલીઝ થઈ. લૂપો ચૂરી એટલે ‘લૂકાચૂપી’. કિશોર કુમાર ફિલ્મના પ્રિમિયરમાં આવ્યા જ નહીં, ઓડિયન્સ સાથે જ હાઈડ એન્ડ સીક રમી ગયા. તો ઓડિયન્સને ફિલ્મનું સંગીત ખૂબ જ પસંદ આવ્યું. લૂકોચૂરી સુપરહિટ સાબિત થઈ! તે વર્ષની બંગાળી ફિલ્મોમાં સૌથી વધારે સારી ફિલ્મ લૂકોચૂપી રહી!

નુકસાન કરવા માગતા કિશોર કુમાર વધારે કમાણાં!

### ફિલ્મના યાદગાર ડાઈલોગ.....

‘‘મૈં સમજા થા કિ તુમ નારાજ હો ગઇ હો,
જબ ગુસ્સા ઠંડા હો જાયેગા તો ફોન કરોગી,’’
‘‘તુમ ભી તો કર સકતે થે ફોન,’’
‘‘હા, કર સકતા થા પર ફિર સોચા
અગર તુમ્હારા ગુસ્સા બઢ ગયા તો?’’
‘‘મૈં પાગલ હું ના....’’
‘‘હા, હા, હા, નહીં, નહીં, નહી....’’
‘‘દૌલત વાલોં કો હી દૌલત કી જરૂરત હોતી હૈ. ’’
‘‘ઇસ વક્ત અગર દુનિયાભર કિ સબ ખૂબસુરત લડકિયાં મિલકર બૂલાયે...તો ભી મૈં તુમ્હે છોડકર જાને કે લીએ તૈયાર નહીં હૂં’’




### સદાબહાર ગીતો........

- એક લડકી ભીગી ભાગી સી...
- મૈં સિતારો કા પરવાના
- રૂપ કા તુમ હો ખજાના, તુમ હો મેરી જાં માના
- પાંચ રૂપિયા બારા આના મારેગા ભઈયા ના.. ના.. ના..
- હાલ ક્યા હૈ જનાબ કા...ક્યા ખયાલ હૈ આપકા....
- હમ તુમ્હારે હૈ જરા નજરે ઉઠાકે દેખલો..

પણ તે હાર માનવાવાળા થોડા હતા. નક્કી કર્યું બીગ બજેટની બોલિવૂડ ફિલ્મ બનાવીશ, જે જરૂર ફ્લોપ જશે. આ બોલિવૂડ ફિલ્મ માટે કિશોર કુમારે તેના ભાઈઓને જ પકડ્યા. અનૂપ કુમાર અને અશોક કુમાર. હીરોઈન તરીકે મધુબાલા. મ્યૂઝિક ડિરેક્ટર હતા SD બર્મન અને લાસ્ટ મોમેન્ટમાં ફિલ્મના ડિરેક્ટર પસંદ થયા સત્યેન બોસ. લાસ્ટ મોમેન્ટ એટલે કે ફિલ્મમાં ખાસ ધ્યાન દેવાનું ન હતું. 1958માં શૂટિંગ શરૂ થઇ ખૂબ જ ઉતાવળે ફિલ્મ પૂરી કરીને 1958માં જ રિલિઝ પણ કરી દીધી. પણ કિશોર કુમારની પ્રોબ્લેમ હજુ ખતમ ક્યા થવાની હતી!

ફિલ્મ ફ્લોપ તો દૂરની વાત, સુપર-ડુપર હિટ રહી. તે ફિલ્મ એટલે ‘ચલતી કા નામ ગાડી’. ફિલ્મ હિટ થવાથી કિશોર કુમારને એટલો ગુસ્સો આવ્યો કે ફિલ્મના બધા રાઈટ્સ અનૂપ શર્માને ટ્રાન્સફર કરી દીધા. તેઓ ન હોતા ઈચ્છતા હતા કે આ ફિલ્મની કમાણી પણ તેના ખાતામાં જમા થાય. અને ઈન્કમ ટેક્સ ભરવો પડે! ફિલ્મની બધી જ કમાણી અનૂપ શર્માને આપી પોતે એક રૂપિયો ના લીધો! ●

મૂવિયાના



કિસ્સા કહાની

## ‘લાલ, મહેનત કે બિના રોટી કિસ ઘરમેં પકી?

## નાનકડા મુન્ના પાસેથી મળેલી આ ફિલોસોફીને શૈલેન્દ્રજીએ ગીતમાં લખી

‘મુન્ના બડા પ્યારા, અમ્મી કા દુલારા... કોઈ કહે ચાંદ કોઈ આંખ કા તારા...’ ગીત કેવું મજેદાર છે! આપણો આજનો આ લેખ પણ આ ગીતની વાત સાથે જોડાયેલો છે. આ ગીત પોતાના સમયમાં ખૂબ હિટ થયું હતું અને આજે પણ લોકો આ ગીતને ખૂબ પસંદ કરે છે. તેનો આ કિસ્સો જાણ્યા બાદ વધારે પસંદ આવે એમ પણ બને!

1957માં એક ફિલ્મ આવી હતી, નામ હતું ‘મુસાફિર’. એ ફિલ્મ ઋષિકેશ મુખર્જીની પહેલી ડિરેક્ટોરિયલ ફિલ્મ હતી. સંગીત આપ્યું હતું સલિલ ચૌધરીએ અને બધાં જ ગીતો લખ્યાં હતાં શૈલેન્દ્રજીએ. તે આ ગીત લખતી વખતે શૈલેન્દ્રજી ખૂબ ઊંડા વિચારોમાં ખોવાયેલા હતા. એ જ વખતે તેમની પત્ની ચૂલા પર રોટલી બનાવી રહી હતી.

ત્યારે ચૂલા આજની ગેસથી ચાલતા નહોતા અને ગીતકાર શૈલેન્દ્ર એટલા માલદાર પણ નહોતા. મોટાભાગના ઘરોમાં લાકડાં કે છાણાં વડે બળતણના ચૂલા પર જ ખાવાનું બનતું. શૈલેન્દ્રજીનો મોટો દીકરો શૈલી શૈલેન્દ્ર ત્યારે નાનો હતો. નાનકડા શૈલીની પપ્પાને ફરિયાદ હતી કે મમ્મી તેની સાથે રમવા નથી આવતી, હંમેશાં રસોડામાં ખાવાનું જ બનાવ્યાં કરે છે. એટલે શૈલી તેના પિતા પાસે આવ્યો અને બોલ્યો, ‘બાબા, એવું ન થઈ શકે કે આપણે રોટલીનું ઝાડ રોપી દઈએ? મમ્મી તો આખો દિવસ રસોડામાં જ રહે છે, અમારી સાથે રમતી પણ નથી.’

દીકરાનો આ માસૂમ સવાલ શૈલેન્દ્રજીને ખૂબ અનોખો લાગ્યો. તેમણે મનમાં વિચાર્યું કે દીકરાએ તો પોતાની માસૂમ વાતમાં એક ઊંડી ફિલોસોફી કહી દીધી. શૈલેન્દ્રજીએ શૈલીની આ વાતને પોતાના ગીતમાં એક આખો અંતરો બનાવીને ઉમેરી દીધો. એ અંતરો કંઈક આવો હતો:

**‘એક દિન વો મા સે બોલા. ક્યોં ફૂંકતી હૈ ચૂલ્હા.**
**ક્યોં ના રોટિયોં કા પેડ હમ લગા લે?**
**આમ તોડે, રોટી તોડે, રોટી આમ ખા લે.**
**કાહે કરે રોજ-રોજ તૂ યે ઝમેલા?**
**અમ્મી કો આઇ હંસી. હંસકે વો કહને લગી-**
**લાલ, મહેનત કે બિના રોટી કિસ ઘરમેં પકી?**
**જિઓ મેરે લાલ, જિઓ જિઓ મેરે લાલ...’**

ગીત દરમયાન દેખાઈ રહેલા કિશોરકુમારને જોવા એ ગીતનો આનંદ હજી વધારે છે. બાકી મુસાફિર ફિલ્મની અને શૈલેન્દ્રજીની વાતો ફરી ક્યારેક... ●

# ‘સાત થપ્પડનો બદલો સાત ફેરાથી લઇશ.’ રમેશ દેવનું અનોખું પ્રપોઝલ

કોઈ મજેદાર રોમેન્ટિક ફિલ્મનાં લવર્સ જેવા આ રિયલ લાઈફ કપલની વાર્તા પર ફિલ્મ તો બનવી જ જોઈએ! આવું તમે પણ કહેશો જ્યારે આ પ્રેમકથા વાંચશો.

મરાઠી સિનેમાના ખૂબ જ જાણીતા અભિનેત્રી જેમનું નામ નલિની સરાફ હતું પણ ફિલ્મો માટે તેમણે પોતાનું નામ સીમા રાખ્યું હતું.


1960માં તેમને પોતાની પહેલી ફિલ્મ મળી તે પહેલા સીમા દેવની આર્થિક હાલત નબળી હોવાથી કોઈકે સલાહ આપી કે, ‘તું ફિલ્મોમાં કામ કર, સારા પૈસા મળશે.’ એ સમયે તો ફિલ્મિસ્તાન મરાઠી ફિલ્મો પણ બનાવતું હતું. તેમને મરાઠી બોલનારા કલાકારોની જરૂર હતી. આર્થિક તંગીનાં લીધે માની ઈચ્છા ન હોવા છતાં સીમા સાથે તેની મા ફિલ્મિસ્તાન જવા તૈયાર થઈ ગયાં. એ જમાનામાં લોકો પોતાની દીકરીઓને ફિલ્મલાઈનમાં મોકલવા તૈયાર નહોતાં થતાં. મા સાથે સીમા લોકલ ટ્રેનમાં ફિલ્મીસ્તાન સ્ટુડિયો જવા નીકળી. ટ્રેન ગ્રાન્ટ રોડ સ્ટેશન પર રોકાઈ. ત્યાં એક છોકરો ડબ્બામાં ચઢ્યો. સવારનો સમય હતો, ડબ્બો લગભગ ખાલી હતો પણ તે છોકરો સીમાની સામેની સીટ પર બેસ્યો! સીમાએ માથામાં મોગરાના ફૂલનો ગજરો લગાવ્યો હતો અને એ છોકરાને મોગરાની સુગંધ ખૂબ ગમતી હતી. તે સીમાને એકીટસે જોવા લાગ્યો. પહેલી નજરમાં પ્રેમ થવું તે આ જ હશે. સીમાની માએ આ જોયું અને છોકરાને ટોક્યો, ‘તું મારી દીકરીને કેમ જોઈ છે?’ છોકરો જુવાન હતો, તેણે સામો જવાબ આપ્યો, ‘હું તેને નથી જોતો. તમારી દીકરી એટલી પણ સુંદર નથી કે હું તેને જોવ. હું તો મોગરાની સુગંધ માટે અહીં બેઠો છું. જો વધારે બોલશો તો હું તેની બાજુમાં બેસી જઈશ.’ આ છોકરો હતો રમેશ દેવ. આવા જવાબ પછી સીમાની માતાએ ચૂપ રહેવું જ યોગ્ય સમજ્યું. તો આ તરફ સીમાનાં મનમાં વિચાર ચાલતાં હતાં કે તેમને હજી સ્ટુડિયો કેવી રીતે જવું તે ખબર નથી, શું આ છોકરાને જ ફિલ્મીસ્તાનનું સરનામું પૂછું? સીમાને ખબર હતી કે ફિલ્મિસ્તાન જવા ગોરેગાંવ સ્ટેશન ઉતરવું પડે પણ ત્યાંથી ક્યાં જવું તે ખબર નહોતી.

**એક છોકરો ડબ્બામાં ચઢ્યો. સવારનો સમય હતો, ડબ્બો લગભગ ખાલી હતો, પણ તે છોકરો સીમાની સામેની સીટ પર બેસ્યો! સીમાએ માથામાં મોગરાના ફૂલનો ગજરો લગાવ્યો હતો અને એ છોકરાને મોગરાની સુગંધ ખૂબ ગમતી હતી. તે સીમાને એકટક જોવા લાગ્યો. પહેલી નજરમાં પ્રેમ થવું તે આ જ હશે**

ગોરેગાંવ સ્ટેશન આવ્યું અને બાજુમાં બેસેલો તે છોકરો પણ ત્યાં જ ઉતરી ગયો. તેને ઉતરતા જોઈને સીમાને ખાતરી થઈ કે આ છોકરો પણ ફિલ્મીસ્તાન જ જઈ રહ્યો છે. સીમા અને તેમની મા રમેશની પાછળ-પાછળ ચાલવા લાગ્યાં. રમેશએ જ્યારે તેમને પોતાની પાછળ આવતા જોયા, તો તેઓ વિચારવા લાગ્યા કે આ છોકરી પણ ફિલ્મીસ્તાનની કલાકાર હશે, તો તેની સાથે દોસ્તી કરી લેવી જોઈએ. એ સમયે સીમા ભલે ફિલ્મો માટે નવી હતી પણ રમેશ દેવ તો મરાઠી સિનેમામાં કામ કરતા, તેમણે ઘણી મરાઠી ફિલ્મોમાં હીરો અને વિલનની ભૂમિકાઓ ભજવી હતી. તે દિવસે તેઓ મરાઠી ફિલ્મ કરવા જ જઈ રહ્યા હતા. રમેશને ત્યાં ખૂબ સારી ડીલ મળી અગાઉ તેઓ એક મરાઠી ફિલ્મ માટે 1200 રૂપિયા લેતા હતા પણ આ ફિલ્મ માટે તેમને દર મહિને 700 રૂપિયા મળવાના હતા, જેમાં રહેવાનું અને ખાવાનું પણ મફત હતું! જ્યારે રમેશજી રિસેપ્શન પર પોતાનો કોન્ટ્રાક્ટ સાઈન કરવા આવ્યા, ત્યારે તેમણે જોયું કે સીમા પણ પોતાનો કોન્ટ્રાક્ટ સાઈન કરી રહી હતી. એટલે કે સીમાને પણ કામ મળી ગયું. રમેશજીને લાગ્યું કે આ છોકરી તેમના માટે લકી છે, અટલે જ સારી ડીલ મળી. સમય વીતતો ગયો અને સીમા અને રમેશની સારી ઓળખાણ થઈ ગઈ. બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું. એક ફિલ્મમાં રમેશ વિલનના રોલમાં હતા. તેનાં એક સીનમાં રમેશજી સીમાને છેડે છે અને સીમા તેને થપ્પડ મારે છે. એ સીન શૂટ કરતી વખતે સીમા બરાબર થપ્પડ મારી શકતા નહોતા. એ શૉટ છ વખત રીટેક થયો ત્યારે ડિરેક્ટરે સીમાજીનાં કામ પર સવાલ ઉઠાવીને તેમને ઠપકો આપ્યો. સીમાને ગુસ્સો આવતાં સાતમી વખતે તેમણે રમેશજીને એટલી જોરથી થપ્પડ મારી કે તેઓ પડતા પડતા બચ્યા! મનગમતો શૉટ મળતાં ડિરેક્ટર ખુશ થયો પણ રમેશ દેવ આશ્ચર્યમાં હતા અને સીમાજી હવે દુ:ખી હતાં. થોડીવાર પછી રમેશે પોતાને સંભાળીને કહ્યું, ‘આ સાત થપ્પડનો બદલો હું તારી પાસે લઈશ. હવે હું તારી સાથે સાત ફેરા લઈશ.’ આમ રીતે રમેશ દેવએ સીમાને લગ્ન માટે પ્રપોઝ કર્યું. સીમાને પણ રમેશ ગમતા હતા, તેથી કોઈ મુશ્કેલી વિના બંનેના લગ્ન થઈ ગયા. આ રીતે નલિની સરાફ ઉર્ફે સીમા, સીમા દેવ બની ગયાં.

સીમાજી અને રમેશજીની જોડી ખૂબ જ પ્યારી હતી. તેઓ બંને હવે આ દુનિયામાં નથી, પરંતુ બંનેની આ લવસ્ટોરીને લોકો આજે પણ યાદ કરે છે. ●

લવસ્ટોરી



મોગરાની સુગંધથી મઘમઘતો રમેશ દેવ અને સીમાદેવનો પ્રેમ